

વર્ષ ૩ અંક ૧૨
શ્રીવિજયા

એકાદશી વ્રત

મહા વદ ૧૧,
૨૦૬૭

તાત તણો પ્રતિબિંબ રે રસના



અનુક્રમણિકા

राग सारङ्ग

वल्लभ खेलत फाग, प्रकट करत अनुराग ।

केसर अबीर अरगजा, श्रीअङ्ग सुन्दर भरत सुहाग ।। १ ।।

हीरा खचित पिचकाई चलावत, तकि तकि महा बड़भाग ।

वल्लभदास प्रभु गोकुलेश, मिलि उपज्यों प्रेम पराग ।। २ ।।

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

ઘોર કલિયુગમાં નિજ-જનોને પાવન કરવા દ્વિજકુલમાં પ્રગટ થનાર કૃપાનિધિ ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુને આપણે સૌ અનન્ય શ્રીગોકુલેશચરણશરણાનુરાગી વૈષ્ણવ સમાજ સદાય નમન કરીએ છીએ.

ભગવદ્ મંડળી, રાત્રિબેઠકો, સત્સંગમંડળો વગેરેમાં વૈષ્ણવ સમાજ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા દ્વારા જેમની અધરસુધાનું રસપાન ભાવપ્રીતિપૂર્વક વર્ષોથી કરે છે અને જેઓના અથાગ પરિશ્રમ એવં કૃપાકટાક્ષથી લલાટમાં દંડાકાર તિલક અને શ્રીકંઠમાં તુલસીજીની માલાજી અદ્યાપિપર્યંત સમગ્ર પુષ્ટિ-સૃષ્ટિ જે નિર્ભયતા અને સગર્વથી ધારણ કરે છે એવા શ્રીગુસાંઈજી પ્રભુચરણના ચતુર્થકુમાર શ્રીરુક્મિણીનન્દન સર્વદા સેવ્ય શ્રીગોકુલેશ પ્રભુચરણના નામથી ભાગ્યે જ કોઇ અપરિચિત હોય. આપશ્રીના સેવકો અનન્યરૂપે સ્વરૂપાસક્ત હતા.

પુષ્ટિ-સૃષ્ટિ પર અનહદ કૃપા સ્વરૂપે વાર્તા સાહિત્ય પ્રાપ્ત થઇ, તેનું શ્રેહ સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુ પર જાય છે. આપશ્રી એક દિવસ પોતાની શ્રીબેઠકમાં બિરાજમાન હતા, ત્યારે નિત્ય પ્રમાણે આપશ્રીએ પોથી ખોલી, પણ આજે શ્રીભાગવતની જગ્યાએ શ્રીમહાપ્રભુ અને શ્રીગુસાંઈજી પ્રભુના ભક્તોના ચરિત્રો વચનામૃતે પ્રગટ કર્યા. ત્યારે આપશ્રીના એક સેવકે વિનંતી કરી, કૃપાનાથ! આજે આપશ્રી કથા નથી કરી. ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી કે 'આજે તો હું તમને અત્યાર સુધી કહેલ કથાનું ફળ કહી રહ્યોં છું'. હા! આજે આપણને તો ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા તે ફલ સ્વરૂપ જ છે.

શ્રીગોકુલેશ પ્રભુ નિત્ય પોતાની શ્રીબેઠકમાં બિરાજી વચનામૃતો કરતા, અને ત્યાં આપશ્રી સન્મુખ બેઠેલા અનેક બડભાગી ભક્તો તે વચનામૃતોનું રસપાન કરી, પોતાને ધન્ય બનાવતા. કોઇક ભક્તો તે વચનામૃતોને વાર્તા સ્વરૂપે નોંધી લેતા, તો કેટલાક ભક્તો તે વચનામૃતોને પોતાની આગવી કાવ્ય શૈલીમાં વર્ણન કરતાં, અને આ દિવ્યમાર્ગનો સિદ્ધાન્ત અનેક રીતે પ્રગટ કરતાં. શ્રીગોકુલેશ પ્રભુના એવાજ અનન્ય સ્વરૂપનિષ્ઠ ભક્ત જમનાદાસ જાની અને શ્યામદાસ હતા. જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ નિત્ય જે વચનામૃત કરે તે બધાં જ ધ્યાનથી શ્રવણ કરતા અને ઘેર આવી પોતાની પોથીમાં અક્ષરશઃ લખી લેતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ સદા શ્રીમહાપ્રભુ અને શ્રીગુસાંઈજીના અંતરંગ ભક્તોના વાર્તા પ્રસંગો સંભળાવતા. જમનાદાસ જાની અને શ્યામદાસ આ બધા જ પ્રસંગો રાત્રે ઘેર આવીને નોંધ કરતાં.

પોતાના લેખન ઉપરથી તેમણે શ્રીમહાપ્રભુ અને શ્રીગુસાંઈજીના સેવકોના વાર્તા પ્રસંગો જુદા તારવ્યા હતા. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તાના ગ્રંથો આજે જે સ્વરૂપે આપણને પ્રાપ્ત થાય છે તેમાં આ બન્ને ભક્તોનું પોતાના પ્રાણપ્યારા શ્રીગોકુલેશ પ્રભુની કૃપાથી અમૂલ્ય યોગદાન પ્રદાન કર્યું છે. આ પ્રકારે શ્રીગોકુલેશ પ્રભુએ જમનાદાસ જાની અને શ્યામદાસ દ્વારા ભાવિ વૈષ્ણવ સૃષ્ટિ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોના વાર્તા પ્રસંગોનું નિત્ય સ્મરણ તથા રસપાન કરી શકે તે માટે અસીમ કૃપાવૃષ્ટિ કરી હતી.

આ પ્રમાણે અનેક એવા બડભાગી ભક્તો હતા, જેઓને શ્રીગોકુલેશ પ્રભુમાં અનન્ય પ્રીતિ, સ્નેહ અને ભક્તિ પ્રાપ્ત કરી અને આપશ્રીના શ્રીમુખે અનેક વચનામૃતોને હાસ્ય સ્વરૂપે, ગંભીર વાણી દ્વારા, વાર્તા સ્વરૂપે, વગેરે અનેક રૂપે ગ્રહણ કરતાં. હાસ્યામૃત, ૨૪ વચનામૃત, વાર્તા સાહિત્ય, નિજ-વાર્તા, ઘરુ વાર્તા, શ્રીબેઠક ચરિત્ર વગેરે અનેક સાહિત્ય રૂપે માર્ગના સિદ્ધાન્તને પ્રગટ કરે છે.

શ્રીગોકુલેશ પ્રભુની કૃપાથી માર્ગનું રક્ષણ થયું. માલા-તિલક ઉપદ્રવનો પ્રસંગ પણ આપશ્રીના સમયમાં થયો, અને આપશ્રી નિડર બની શ્રીમાલા-તિલકનું રક્ષણ કર્યું. એવા શ્રીગોકુલેશ પ્રભુના ઘરના સેવક હોવાનું આપણે સૌ શ્રીગોકુલેશ-ચરણ-શરણાનુરાગીજનો માટે ગૌરવ પ્રાપ્ત થાય છે.

પ્રિય પાઠકો, હવે તો ફાગના દિવસો ચાલી રહ્યાં છે, તો આપણે પણ આ ફાગનો લ્યાવો કેમ ચૂકી જઈએ. આપણે પણ રસિયા, ફાગનું પાન કરીએ.

राग सारङ्ग :- वल्लभ बेठे सुखपाल ।। मन भायै भाइ आयै ।। चलत चञ्चल चाल ।। १ ।। मोहनभाइको मनोरथ पूज्यौ तत्काल ।। वृन्दावनचन्द श्रीविठ्ठलनन्द दीनदयाल ।। २ ।।

राग सारङ्ग :- सुन्दरी हो हो होरी रङ्ग भरी, खेले रसिक रस फाग सुन्दरी ।। सुन्दरी एक ते एक सुन्दरी बनी, मानों फूल्यौ कुसुमन बाग, सुन्दरी ।। १ ।। सुन्दरी वागो धरावे श्रीअङ्ग, लटकत शीशपें पाघ, सुन्दरी ।। सुन्दरी केसर छिरके श्रीवल्लभ, पिय प्रकट करत अनुराग, सुन्दरी ।। २ ।। सुन्दरी अरगजा भरि पिचकाइ, चलावे परम पराग, सुन्दरी ।। सुन्दरी अबीर उड़ावे रङ्ग भरे, खिलावे महाबड़भाग, सुन्दरी ।। ३ ।। सुन्दरी सब मिलि बाजे बजावही धमारि गावे बहु राग, सुन्दरी ।। सुन्दरी खेले गोकुलमें समाजसों, पूरे भाग विभाग, सुन्दरी ।। ४ ।। सुन्दरी इही विधि खेले परस्पर, पूरन प्रकट्यौ सोहाग, सुन्दरी ।। सुन्दरी वल्लभदास सुख निरखही, चरनकमल चित लाग, सुन्दरी ।। ५ ।।

राग धनाश्री :- लाल फाग खेले परम माधुरीसों श्रीवल्लभ सुखदाई ।। सुन्दर तकी छिरके नेह भरी दृष्टि करि पिचकाई ।। १ ।। हास्य कपूर अबीर उड़ावे परस्पर नेत्र सिराई ।। वल्लभदास प्रिय यह विधि विलसत काहु लख्यो न जाई ।। २ ।।

ભાવક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૭ મહા વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૭ ફાગણ સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

ફેબ્રુઆરી ૨૮, ૨૦૧૧ થી માર્ચ ૧૨, ૨૦૧૧

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ – મહા વદ	સોમ	ફેબ્રુઆરી-૨૮	શ્રીવિજયા એકાદશી વ્રત
૧૨	મંગળ	માર્ચ-૧	
૧૩	બુધ	૨	બડે શ્રીવિટ્ઠલરાયજીનો પ્રાગટ્યોત્સવ (સં.૧૬૪૫)
૧૪	ગુરુ	૩	
૩૦	શુક્ર	૪	
૧ – ફાગણ સુદ	શનિ	૫	
૨	રવિ	૬	
૨	સોમ	૭	
૩	મંગળ	૮	
૪	બુધ	૯	
૫	ગુરુ	૧૦	
૬	શુક્ર	૧૧	
૭	શનિ	૧૨	
૮	રવિ	૧૩	હોલિકાષ્ટકનો પ્રારંભ
૯	સોમ	૧૪	
૧૦	મંગળ	૧૫	

જ્યારે વિષયોમાંથી ઇચ્છા દ્વેષ જતા રહે છે, અને કોઇ સ્થળે ચિત્ત વિષમતા
ગ્રહણ કરતું નથી ત્યારે જ બ્રહ્મરસનો સ્પર્શ કરેલું
ચિત્ત લૌકિકમાંથી નિવૃત્ત થાય છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૪.૪૭)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ-ઉત્સવ

...ગતાંકથી આગળ

શ્રીવિઠ્ઠલ સુત રસરૂપ, તે સુખદ સોહામણાં એ,
આનંદ દાયક મૂલ તે, જગત મોહામણાં એ.

ચાલ :- વરની સાસુ શણગાર કરી રે, વર પાસે આવ્યા હર્ષ બરી રે. ૧
આરતી પૂરી કર ધરી છે થાય, શ્રીફલ અક્ષત માંહે રસાલ રે. ૨
આવીને શ્રીમુખ જ્યાહારે જોયું રે, સુંદર રૂપે મનડું મોહ્યું રે. ૩
સાસુએ તિલક આરતી કીધી રે, ભામણાં લેઇ આશિષ દીધી રે. ૪
રૂડું શ્રીફલ કરમાં લીધું, વરજીએ બેહુ કરે લીધું રે. ૫
હરખે ફુલી રહ્યા વર રાય રે, સાસુ જોતાં તૃપ્ત ન થાય રે. ૬
ઈંડીપીંડી કીધી એમ રે, રહ્યો પાસા નાંખી સાસુએ તેમ રે. ૭
પધરાવ્યાં મંડપ માંહ રે, આસન પીઢો માંડ્યો ત્યાંહાં રે. ૮
વરજી પૂરવ મુખે બેઠા રે, સહુએ બેઠા મંડપ હેઠા રે. ૯
સસરા સાસુ પાસે આવ્યા રે, જાણે છે મહાનિધિ ફાવ્યા રે. ૧૦
સસરે વિષ્ટર આસન આપ્યાં રે, વરજીએ ચરણ હેઠે ચાંપ્યાં રે. ૧૧
મધુ દધિ કાંસા પાત્રે લીધું રે, વરજીએ મધુ પર્ક કીધું રે. ૧૨
સસરો વરના ચરણ પખાલે રે, જલ નામે સાસુ વદન નિહાલે રે. ૧૩
પહેલા માંડ્યા છે બે સુંડલા રે, આસન વર કન્યાને વિમલા રે. ૧૪
સુડલા ભરીયા ઉત્તમ ચોખે રે, બેઠા વર સુડલા ઉપર હરખે રે. ૧૫
પુરવ મુખે બેઠા વરજી રે, પધરાવ્યા પારવતી વહુજી રે. ૧૬
અંતરપટ ત્યાંહાં ધરા રે, વર સાહમાં સુડલે બેસાડ્યા રે. ૧૭
વહુનો છેડો કડપશું બાંધ્યો રે, સહુનાં મનમાં અતિ રંગ વાધ્યો રે. ૧૮
ધોતી ઉપરણે વર સોહે રે, અંબોડે દેખી ત્રિભુવન મોહે રે. ૧૯

ઉત્તમ ચોખે અંજલી ભરી રે, એક એકને મસ્તક ધરી રે. ૨૦
વિઠ્ઠલજીએ વેણેભટ્ટે સાર રે, પરસ્પર કીધો ગોત્રોચ્ચાર રે. ૨૧
જોષી સાવધાન બોલે રે, કહે છે મંગલાષ્ટક સમતોલે રે. ૨૨
લગ્ન વેળા થઇ જ્યારે રે, વરવહુ ઉભા કીધા ત્યારે રે. ૨૩
અંજલી ઉત્તમ ચોખે ભરી રે, એક એકને મસ્તક ધરી રે. ૨૪
વરમાલા કંઠ આરોપી રે, બેહુ રહ્યા એક એકને મન સોંપી રે. ૨૫
બહુ પેરે વાજીંત્ર વાગા સંગ રે, આસન બેસારા બહુ રંગ રે. ૨૬
અભિષેક કીધા વિપ્રે બહુ રે, મંગળ ગાએ છે વ્રજ સહુ રે. ૨૭
બોલે છે ગુણ બંદીજન રે, સાંભળે છે સહુ હરખે મન રે. ૨૮
કેડયે તેડયા વરજી વહુ રે, ઘરમાં ચાલ્યા રૂડી પેર રે. ૨૯
ગોત્ર પુજી તેમ આવ્યા રે, આસન બેઠા સહુને ભાવ્યા રે. ૩૦
હથેવાળો વરજીએ ધરો રે, મહાવ બલી જાએ રંગભરો રે. ૩૧

શ્રીગોકુલેશ પ્રભુનું લગ્ન મંડપે આગમન

હાસ્ય વિનોદ તે ગીત ગાતા ગાતા જાન વેવાઇના માંડવે આવી પહોંચે છે. વેવાઇ પક્ષ તરફથી સન્માન કરાયું, ગીત ગવાય છે:

મારો માન સરીખડો માંડવો, તમારી જોયા સરીખડી જાન-પધારો વેવાયું
તમને કોણ તેડા મોકલે તમને કોણ સંદેશે માન-પધારો વેવાયુ
તમને વેણાભટ્ટજી તેડા મોકલે તમને મહાદેવ ભટદેશે માન-પધારો વેવાયું.

ક્યાંય નીચી કોટીનો શબ્દ નથી. કારણ કે કન્યા પક્ષવાળા છે બોલવામાં જરા પણ ફેર થાય તો વર પક્ષમાં વાંકુ પડી જતા વાર ના લાગે તેથી વેણાભટ્ટના ઘરના જોખી જોખીને શબ્દ બોલે છે.

મંડપમાં દ્વારે કળશની અદલા બદલી થાય છે. મામી સાસુ પોંખવા આવ્યા છે. આરતી કરીને વરજીને મંડપમાં પધરાવ્યા છે. અશ્વ રક્ષકને ન્યોછાવરી આપી વિદાય કર્યો. જાનને જલપાન આપી સન્માને છે. પછી તો મંડપમાં અનેક સ્ત્રીપુરુષોની ઠાઠ જામી. યોગ્ય જનોને શ્રીગુસાંઇજીએ પહેરામણી કરી, ગોવિંદ અને અચ્યુતમામા જનાર્દન ભટ્ટ પિતરાઇ મામા, વરણાંક ભટ્ટ માસો, ગણેશ ભટ્ટ, વાસુદેવ વગેરે તથા ભાણેજ ભત્રીજા સગાં વગેરે ઘણાં આવ્યાં મહાવનનો સમાજ, આગ્રાના વૈષ્ણવો, ગુણીજનો, અષ્ટસખામાંના છિત્તસ્વામી, દયાલજી, કમલો ચોખો, લઘુ ગોપાલદાસ, વગેરે પણ આ શુભ પ્રસંગે પધાર્યા. એમ કરતાં જાન વેણાભટ્ટના ત્યાં તોરણે સમય પ્રમાણે આવી પહોંચી, હલદર અને કંકુની ચર્ચા કરી તથા ચાર ઉપાધ્યાયો વેદમંત્રથી

અભિષેક કરવા લાગ્યા. તથા જ્ઞાતિ રિવાજ પ્રમાણે લગ્નવિધિ શરૂ થઇ. જાનનું વેણાભટ્ટે સારી રીતે સન્માન કર્યુ. ઉપાધ્યાયોએ ગોત્ર ઉચ્ચાર કર્યો અને મધુપર્ક કરાવવામાં આવ્યો.

હવે તૈલંગી બ્રાહ્મણોની લગ્નવિધિ સરસ રીતે વિસ્તારથી થવા લાગી. જેમ પાણીના પ્રવાહને રોકતાં તે ચારે બાજુ ફેલાય છે, તે પાણી પેઠે ન થતાં આ સોલ વર્ષના શ્રીપ્રભુનો રસ હવે સ્વકીય પત્નીમાં ન્યામીક થયો. તેથી આપશ્રી એક પત્નીવ્રતધારી થયા. આ લગ્ન કરવામાં પોતાના ભક્તોનું હિત હતુ, માટે શ્રીપ્રભુએ લગ્ન કર્યું.

જેમ રોકીયે છે રસરાસને, ફેલી ચાલે તે ચોહો પાસને. ૫૭

મહા નાયકને ન્યામીક કર્યું પાણી ગ્રહણ નામ એહને ધર્યું. ૫૮

એ સ્વકીય હિતે કરૂણા કરી એહવી ભુતલ લીલા આચરી. ૫૯

હવે ચોરીની વિધિનું વર્ણન છે. આવી વૈદિક વિધિ વિસ્તારથી શ્રીપ્રભુએ કેમ કરાવી તેનું કારણ આ પ્રમાણે છે:

ઉત્સાહ આનંદ પ્રમોદ પ્રસન્ન, ઉલટ હરખ ને પ્રગટ્યો મન. ૬૪

એ સહુ આધિ દૈવિક સ્વરૂપે, ત્રપતિ કર્યા શ્રીગોકુલ ભૂપે. ૬૫

કર્મ કર્માંતરે શ્રુતિ-સ્મૃતિ સર્વ, સંતુષ્ટ થયા સહુ એણે પર્વ. ૬૬

મથુરાની પહોંચી મનરલીય, અલૌકિક આશા એહોની ફલીય. ૬૮

ભક્તના ભાવ તણું શું કહીએ, જે મનોરથનો પાર ન લહીએ. ૬૯

સૌ હવે નવલ વરવધૂનાં માનસ દર્શન કરી આપશ્રીના શ્રીચરણકમલને વંદન કરે છે.

એહવા જોઇ બેહુ રૂપ રસાલ, ચરણે લાગે દાસ ગોપાલ. ૭૫

જમનાદાસ તે હરખે ભરીયા, પ્રભુએ મનોરથ પુરણ કરીઆ. ૭૬

હવે કન્યાદાનનો સમય થયો, ત્યારે ગૌર બોલ્યાં: કન્યા પધરાવો સાવધાન...વહુજીને પધરાવી તેના ભાભી મંડપમાં લઇ આવે છે ત્યારે કન્યા પક્ષવાળી સ્ત્રીઓ ગીત ગાતા વહુજીનું વરણન કરે છે. વહુજીની ઇચ્છા શું છે તે વેણાભટ્ટને સંભળાવે છે:

પહેરી નવરંગ સુંદડી પાયે ઝાંઝરનો ઝમકાર

માંડવામાં આવે લટકતા લટકતા

બેનની ચુંદડી છે સવા લાખની, બેનની ચોલી છે મોંઘા મુલની

તોય બેનીને પાનેતરનો શોખ બેનીને પાનેતર નો શોખ

માંડવામાં આવે લટકતા લટકતા

બેનનો હાર છે સવાલાખનો બેનની માલા છે મોંઘા મોલની

તોય બેનીને વરમાળાનો શોખ બેની ને વરમાળાનો શોખ

માંડવામાં આવે લટકતા લટકતા

વર-કન્યા સામ સામા બિરાજ્યા છે. વેણાભટ્ટે કન્યાદાનનો સંકલ્પ કર્યો. હસ્ત મેળાપ થયો, તે સમયનું અદભૂત વર્ણન છે.

વરજી ત્યાં પાણિ ગ્રહણ કરે પણ અંતરપટ આડું ધરે

વહુજી વિહાવલ વ્હાલાને રસે જોઉં વરજીનું મુખ કઇ મીસે

અંગે આતુરતા અન અનુસર્યા પછે પરસ્પર થયે દુ:ખ વિસર્યા,

કર સ્પર્શી રહ્યો છે તેહ સમય તે સુખ અંગ અંગ સહુમા રમે.

હસ્ત મેળાપ થઇ ગયો. અને લગ્નનો સમય થઇ ગયો, ત્યારે ઘંટાનાદ થાય છે. માંડવામાં જાનૈયા અને માંડવીયા બેઠા છે. અહીં ગીતોની રમઝટ બોલી રહી છે. કન્યા પક્ષવાળા તેમની સખીને શું કહે છે તે સાંભળીએ

તે પુંજી ગોર સોહાસણી વર પામી શ્રીગોકુલધણી,

સાસરા સમ ભુતલ કો નહીં તેહને હું સરાહું શું કહી,

સાસુ પામી શ્રીપદ્માવતીજી મહાસુખદ અને શુભમતી અતિ,

મહાભાગ્ય સકલ તારું ફલ્યુ, તે કેણે નવ જાયે કહ્યું,

કન્યા દિસના ગાએ તે સમે જેહવું તેહના મનને ગમે.

તૈલંગી લોકાચાર પ્રમાણે વરજી પોતાના ઘરના આભુષણ વહુજીને પહેરાવે છે. માહરામાં પધારી કુલદેવતાનું પુજન કરી લગ્ન નિમિત્તે હોમ થાય છે. અને ફેરા ફરવાનો પરમંગલ સમય આવ્યો છે. ૩ મંગલ વર્તી રહ્યા અને જ્યારે ચોથા મંગલ વરતવાનો સમય થયો ત્યારે વરપક્ષના ઉલટનો પાર નથી. ચોથું મંગલ વરતાય તે પહેલા કન્યાજીનો ભાઇ પોતાનું દાપુ માંગે છે મુખ્ય ગોર લક્ષ્મીનાથ છે તેને પણ ગોવિંદમામાએ અમૂલ વસ્ત્રો આપી પ્રસન્ન કર્યા. વહુજીની કમલાબેન છે તેને પણ વર પક્ષ તરફથી સાડી આપી છે. અનદ પછી ચોથુ મંગલ વરતી, સપ્તપદીની પ્રતિજ્ઞા લઇ વિવાહ વિદિ પુરો થયો છે અને નવદંપતિની આરતી થઇ છે. ત્રણે ભુવનમાં જય જય થઇ રહ્યો છે. દેવ, દાનવ અને માનવ આશીષ દઇ રહ્યા છે. એક સહુની શ્રીગોકુલેશજીએ આશા પુરણ કરી છે.

..ક્રમશ:

સંયોજન:- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાકસુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું અઠાવિસમુ નામ **श्रीकृष्ण-ज्ञानदो**[२८] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ **श्रीकृष्ण-ज्ञानदो** આ નામની પ્રતીતિ થાય છે. **तृणचरानुगं श्रीनिकेतनम्। कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् (१०.३१.७), विरचिताभयं वृष्णिधुर्य ते (१०.३१.४), बुधमनोज्ञया पुष्करेक्षण (१०.३१.८), जलरुहाननं चारु दर्शय (१०.३१.६), रहसि संविदो या हृदिस्पृशः (१०.३१.१०)**

શ્રીગુસાંઈજી દ્વારા પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે જાણ્યું કે શ્રીમહાપ્રભુજી સર્વદાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છે. તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું અઠાવિસમું **श्रीकृष्ण-ज्ञानदो**[२८] પ્રગટ કર્યું.

રસરૂપ વ્રજભક્તો સહિત પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપૂર્ણપુરુષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવવાળા છે.

ત્યાં કોઈને શંકા થાય કે શ્રીઠાકોરજીના જ્ઞાનના પ્રકાર તો શ્રીગીતા, ભાગવત વિગેરેમાં કહેલાં છે, તેના દ્વારા જ્ઞાન મળે છે, તેથી શ્રીમહાપ્રભુ આપ કેવું જ્ઞાન આપે છે ? ત્યાં કહે છે કે શ્રીગીતા, ભાગવતમાં જે જ્ઞાન પ્રગટ કહ્યું છે તેમાં ક્યાંક 'શ્રીઠાકોરજી જગતમાં વ્યાપી રહેલા છે, જ્ઞાનરૂપ છે', આવી રીતે કહ્યું છે, પણ 'રસરૂપ' પ્રગટ નથી કહેલું. તેથી જ શ્રીમહાપ્રભુના સેવક છે તેમના મનમાં તે વાતો આવતી નથી.

ત્યાં બીજી શંકા થાય કે શ્રીશુકદેવજી, શ્રીકપિલદેવજી, શ્રીનારદજી વગેરે જ્ઞાન આપવાવાળા છે, તો શ્રીમહાપ્રભુમાં શું વિશેષ છે ? ત્યાં તો કહે છે કે, તે તો મર્યાદામાર્ગીય છે; અને શ્રીમહાપ્રભુ તો પુષ્ટિમાર્ગીય છે, તો આપશ્રી (શ્રીમહાપ્રભુ) દ્વારા આપેલું જ્ઞાન તે પુષ્ટિમાર્ગીય છે. આ બતાવવા માટે **श्रीकृष्ण-ज्ञानदो** નામ શ્રીગુસાંઈજીએ પ્રગટ કર્યું.

હવે જો કોઈ એવી શંકા કરે કે, શ્રીમહાપ્રભુ તો દાન આપે છે, તેનું શું કારણ હોય ? જ્યારે કોઈ આવી શંકા કરે, ત્યારે તે શંકાનું સમાધાન અર્થે શ્રીગુસાંઈજી હવે આગળ શ્રીમહાપ્રભુનું ઓગણત્રીસમું નામ **गुरुः**[२९] પ્રગટ કરે છે.

सर्व-लक्षण-सम्पन्नः[२७] श्रीकृष्ण-ज्ञानदो[२८] गुरुः[२९] ।।
स्वानन्द-तुन्दिलः[३०] पद्म-दलायत-विलोचनः[३१] ।। १३ ।।

ભાવાર્થ :- શ્રીમહાપ્રભુજી [२७]આપ સર્વ દાન કરવાના સામર્થ્યથી પૂર્ણ છો, [२८]પુષ્ટિમાર્ગના ફલરૂપ જે શ્રીપૂર્ણપુરુષોત્તમ તેના સ્વરૂપનું જ્ઞાન દેવાવાળા છો, [२९]પુષ્ટિભક્તિમાર્ગના ગુરુ છો, [30]અગણિત આનન્દથી પુષ્ટ છો, [31]કમલની પાંખડીના જેવા મોટા છે નેત્ર છે જેમના, એવા શ્રીમહાપ્રભુજી આપ છો. ૧૩

ગુરુ:[૨૧]:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) પુષ્ટિભક્તિમાર્ગના ગુરુ છો.

રાગ : બિભાસ

ગુરુ તો શ્રીવલ્લભ મહારાજ ।
ઔર ગુરુ કહાવૈં મિથ્યા હરિવિમુખ કરનકે કાજ ।। ૧ ।।
ચૌદહ વિધા-નિધિ શ્રીવલ્લભ વિદુષવૃન્દ-સિરતાજ ।
મારગ પુષ્ટિ કિયૌ પ્રકટ ભૂતલ રહ્યૌ ભુવન સબ ગાજ ।। ૨ ।।
શ્રીવલ્લભ ભાનુ દરસતૈં કમલસે ફૂલે ભક્ત સમાજ ।
આસા પરિપૂરન ભયી 'ગોવિન્દ' ગએ સકલ દુ:ખ ભાજ ।। ૩ ।।

મૂળ ટીકાનો ભાવાર્થ :- પહેલાં '**श्रीकृष्ण-ज्ञानदो**' એ નામ કહ્યું, તેના કારણરૂપ નામ, '**गुरुः**' કહે છે. જે જે માર્ગનો ઉપદેશ કરનાર અને જે માર્ગનું ફલ આપનાર હોય, તે તે માર્ગનો ગુરૂ છે, જેમકે કપિલ વગેરે. તેવી રીતે શુદ્ધ પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરનાર અને તે માર્ગનું ફલ આપનાર આચાર્યશ્રી જ બીજા નથી એમ પણ જણાવવા '**गुरुः**' એ (નામ) કહેલું છે.

સરળ સમજૂતિ :- શ્રીમહાપ્રભુએ જગતમાં બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. અને શ્રીકૃષ્ણની ભક્તિનો માર્ગ પ્રગટ કર્યો. શ્રીકૃષ્ણના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન જગતને આપ્યું. અને તેથી આપ ગુરૂ સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [૨૯]પુષ્ટિભક્તિમાર્ગના ગુરુ છો गुरुः..છો

ક્રમશઃ

સંયોજન:- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

હરિદાસ બુચઇ

આ હરિદાસ બુચઇ કરેંટી ગામના વતની હતા અને જ્ઞાતિએ ક્ષત્રિય હતા. તેઓ શ્રીગોકુલેશ પ્રભુમાં સદા અનુરક્ત, સેવાપરાયણ અને અનન્ય ભાવયુક્ત એવા ભગવદીય હતા.

પ્રસંગ : ૧

એક સમયે હરિદાસ બુચઇએ જાણ્યું કે ચિદ્રૂપ નામના સંન્યાસીએ જહાંગીર બાદશાહની કાનભંભેરણી કરી વૈષ્ણવોના માલા-તિલક ઉતરાવવાનો પ્રપંચ રચ્યો છે. તથા શ્રીગોકુલેશ પ્રભુ માલા-તિલકના સંરક્ષણ માટે બાદશાહને મળવા કાશ્મીર પધાર્યા છે. પોતાના પ્રાણપ્રેષ્ઠ શ્રીગોકુલેશ પ્રભુના કાશ્મીર પધાર્યાના સમાચાર શ્રવણ કરતાં જ હરિદાસે સંકલ્પ કર્યો કે મારા

સ્વામીને આટલું બધું કષ્ટ પડે અને મારાથી સુખચેનથી કેમ જીવાય? એમ વિચારી તેમણે સખડી મહાપ્રસાદનો ત્યાગ કર્યો અને સંકલ્પ કર્યો કે ધાણી-ચણા લઈને દેહનિર્વાહ કરીશ, તથા ભૂમિ પર શયન કરીશ અને આ પ્રમાણે પ્રભુના વિરહમાં દિવસો વ્યતીત કરવા લાગ્યા.

ત્યારબાદ કેટલાક માસ પછી જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ કાશ્મીરથી દિગ્વિજય કરી શ્રીગોકુલ પાછા પધાર્યાના સમાચાર જાણ્યા કે તત્કાલ આ હરિદાસ શ્રીગોકુલ આવ્યા અને શ્રીમુખના દર્શન કરી દંડવત્ પ્રણામ કર્યા. ત્યાર પછી જ સખડી મહાપ્રસાદ લીધો. તેમની આ ટેક જાણી શ્રીગોકુલપતિ અતિ પ્રસન્ન થયા. હરિદાસ શ્રીગોકુલેશ પ્રભુના આવા અનન્યાશ્રિત ભગવદીય હતા.

પ્રસંગ : ૨

એક વખત આ હરિદાસ શ્રીગોકુલમાં હતા તે સમયે શ્રીગોકુલેશ પ્રભુને પીંડરૂ (વૃદ્ધિસૂતક) આવ્યું. સૂતકના દિવસોમાં શ્રીગોકુલેશ પ્રભુ બહાર બિરાજમાન હતા અને હરિદાસ પણ નિકટમાં બેઠા હતા. તે સમયે શ્રીગોકુલેશ પ્રભુના મુખારવિંદમાંથી પુષ્ટિમાર્ગના સ્વરૂપની, સ્વસિદ્ધાન્તોની તેમજ રહસ્યવાર્તા પ્રસંગોના રસભર્યા વચનામૃતોની વૃષ્ટિ થઇ રહી હતી. એટલામાં શ્રીઠાકોરજીના રાજભોગ સર્યા અને રાજભોગના દર્શન ખુલ્યાના સમાચાર મળતાં જ હરિદાસ ઊભા થયા. શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીહસ્તથી હરિદાસના ચોલણાનું દામણ ખેંચીને તેમને બેસાડ્યાં અને આજ્ઞા કરી : 'જે રસ ત્યાં છે તે રસ અહીં પણ છે'. આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુએ હરિદાસ ઉપર કૃપા કરી સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવ્યું હતું. આ હરિદાસ શ્રીગોકુલેશ પ્રભુના આવા અંતરંગ કૃપાપાત્ર ભગવદીય હતા.

પ્રસંગ : ૩

શ્રીગોકુલેશ પ્રભુના એક સેવક તીર્થદાસ નામે કાયસ્થ હતા. તેઓ બુઢિયા સારંગપુરના વતની હતા. એકવાર શ્રીગોકુલથી કરંટી ગામ જવા માટે તીર્થદાસ શ્રીગોકુલેશ પ્રભુ પાસે વિદાયની આજ્ઞા લેવા આવ્યા. શ્રીગોકુલેશ પ્રભુએ પ્રસાદ અને બીડાં આપી વિદાય કર્યા અને શ્રીમુખે આજ્ઞા કરી : તીર્થદાસ, તમારા ઉપર ખુબ કૃપા થઇ છે. કરંટી જવાથી તમને ઘણો જ લાભ થશે. ત્યારે તીર્થદાસે વિનંતી કરી : કૃપાનાથ! આપશ્રીના શ્રીચરણારવિંદ મારા માથે બિરાજે છે એટલે મને સદૈવ ઘણો જ લાભ છે. ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ પ્રસન્ન થઇને આજ્ઞા કરી : એ તો છે જ પરંતુ કરંટીમાં હરિદાસ બુચઇ નામે એક ભગવદીય રહે છે તેમનો તમને સત્સંગ પ્રાપ્ત થશે. આ ભગવદીયનો સંગ તો સદા દુર્લભ જ છે. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખના આ વચનામૃતો સાંભળી કરેંટી જઇ ભગવદીયના દર્શન કરવાની આર્તિ તીર્થદાસના મનમાં તીવ્ર બની અને તેઓ જલ્દીથી કરેંટી જવા વિદાય થયા.

આ તીર્થદાસ રાજ્યના ચાકર હતા અને તેમની પાસે નાનું સૈન્ય પણ હતું. કરેંટી પહોંચીને સૈન્યને મુકામ પર રાખી, એક બ્રાહ્મણને લઇ હરિદાસ બુચઇના ઘેર ગયા. તે સમયે હરિદાસ ઘેર નહોતા. પરંતુ હરિદાસના સ્ત્રીએ તેમનું આદરસન્માન કર્યું અને કહ્યું: તેઓ બહાર ગયા છે. આપ ભલે પધાર્યા. અહીં મુકામ કરી, સ્નાનાદિ ક્રિયાથી પરવારી મહાપ્રસાદ લ્યો. તેઓ થોડીવારમાં જ ઘેર આવશે. તીર્થદાસે કહ્યું : મને રોકાવાનો સમય નથી. આ જ રસ્તે ફરીથી પાછો આવીશ ત્યારે હરિદાસને અવશ્ય મળીશ. એમ કહી, ભગવદ્‌સ્મરણ કરી તીર્થદાસ ત્યાંથી ચાલ્યા. ત્યાં તો ગામના ગોંદરે જ હરિદાસ આવતા હતા. તીર્થદાસની સાથે જે બ્રાહ્મણ હતા તેમણે દૂરથી હરિદાસને ઓળખાવ્યા. તીર્થદાસ તત્કાલ ઘોડા ઉપરથી નીચે ઉતરી હરિદાસને મળવા ઝડપથી સામે ચાલીને ગયા. ભગવદ્ સ્મરણ કર્યા અને પરસ્પર ભેટ્યા. હરિદાસ તો આશ્ચર્યચકિત થઇ આ બધું જ જોઇ રહ્યા. તીર્થદાસે સર્વ વૃત્તાંત કહ્યોં. આથી હરિદાસને ખૂબ આનંદ થયો અને આગ્રહ કરી તીર્થદાસને પોતાના ઘેર તેડી લાવ્યા.

યથાશક્તિ સમાધાન કર્યું, ભગવદ્ વાર્તા કરી અને શ્રીગોકુલેશ પ્રભુના સમાચાર પૂછ્યા. તીર્થદાસ થોડાક દિવસ રોકાઇ ભગવદીયના સંગનું સુખ માણ્યું.....આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુએ અતિ કૃપા કરી તીર્થદાસને હરિદાસ જેવા ભગવદીયના સત્સંગનું દાન કર્યું હતું.

આ હરિદાસ બુચઇ શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપાસક્ત અને અનન્ય ભાવવાળા ભાગ્યવાન ભગવદીય હતા.

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

: હવે આગળની પાંચ કડીઓમાં વૈષ્ણવનાં લક્ષણ દર્શાવે છે :

ધન્ય દશા વૈષ્ણવ તણી, જે નિશ્ચય નિવૃત્ત; સંપદ્ વિપદ્ સુખદુઃખ, લેશ ધરે નહિ ચિત્ત. ૮૦

એવા જન નહિ મન ધરે, દેહ તણું અભિમાન; જે જે અવસ્થા, જે સમય, તેને આપે માન. ૮૧

કોમલ હૃદય પવિત્ર મન, ચિત્ત નિર્મલ સ્થિર બુદ્ધિ; મગ્ન લલિત લીલા વિષે, રહે ન લૌકિક સુદ્ધિ. ૮૨

ચિત્ત જેનું હરિચરણથી, ક્ષણ અળગું થાય; લૌકિક સુખ ઇન્દ્રિય વિષય, રંચક ઉર ન સમાય. ૮૩

યદ્યપિ રહે પ્રવૃત્તિમાં, ચિત્ત સું સદા નિવૃત્તિ સ્વામી સેવક ભાવના, દાસ ધર્મ પ્રવૃત્તિ. ૮૪

આવા વૈષ્ણવોની દશાને ધન્ય છે. ૧) લૌકિકથી જેનું મન નિવૃત્ત રહે છે. ૨) જે સંપત્તિ કે વિપત્તિમાં, સુખ કે દુઃખમાં, લેશ પણ મન રાખતા નથી, ૩) જેને શરીરનું અભિમાન હોતું નથી, ૪) પ્રભુ જ્યારે જે સ્થિતિમાં રાખે તેમાં આનન્દથી રહે છે. તે તે અવસ્થાને માન આપે છે. ૫) હૃદય કોમળ હોય છે; બીજાના દુઃખે દુઃખી થાય એવું. ૬) બુદ્ધિ પવિત્ર હોય છે. કુબુદ્ધિ એટલે બીજાને દુઃખી કરવાની વૃત્તિ નહિં. મલીન વિચારો નહિં. ૭) ચિત્ત નિર્મળ અર્થાત્ દોષ રહિત હોય, બુદ્ધિ સ્થિર અર્થાત્ ભક્તિભાવમાં દઢ હોય, ૮) મન ભગવાનની લીલાઓમાં એવું મગ્ન થઇ જાય કે લૌકિક ભાન પણ ન રહે. ૯) જેનું મન શ્રીહરિના ચરણમાં નિરંતર લાગેલું હરે છે, ૧૦) લૌકિક સુખોને ઇન્દ્રિયોના વિષયોને, એના હૃદયમાં સ્થાન જ હોતું નથી, ૧૧) 'સંસાર સોં સરસો રહે, મન મેરી પાસ' - એવી મનોવૃત્તિવાળા, 'જગત્ જાણે એ છે જંજાળી, રાખ હૃદય ત્રિકમસૂં તાળી' એવા. પ્રવૃત્તિમાં પડેલા દેખાય છતાં મનથી નિવૃત્તિવાળા, ૧૨) પ્રભુ સ્વામી છે, હું તો એમનો દાસ છું આવી ભાવના સાથે દાસ ધર્મમાં લાગેલા રહે, હરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં પરાયણ રહે. ભગવદીયો આવાં લક્ષણવાળા હોય. ૮૦-૮૪

: હવે આગળની કડીઓમાં મોટાભાઇજી સેવા વિષે સમજાવે છે :

બાંધ્યા બંધ શરીરના, હરિ સેવાને હેત; સેવાના સંચા રચ્યા, ઇન્દ્રિય પ્રાણ સમેત. ૮૫

આ માનવ શરીરની અને ઇન્દ્રિયોની અદ્ભુત રચના ભગવાને સેવા માટે જ કરી છે; ખાઇ-પીને મોજ કરવા માટે નહિ. (જેમ કોઇ કુશળ કારીગર એંજીન બનાવે છે, રેલગાડી ચલાવવાના કાર્ય માટે બનાવે છે. નહિં કે ખાલી કોલસા બાળી નાખવા માટે) પુષ્ટિ જીવોનો દેહ પ્રભુ સેવા માટે જ હોય છે. ભગવદ્ રૂપ '**सेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्।**' શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે પ્રભુના સ્વરૂપની સેવા માટે જ પુષ્ટિ-સૃષ્ટિ પ્રગટ કરી છે; બીજા કોઇપણ હેતુ માટે નહિં. ૮૫

રાત દિવસ સેવા તણો, મનમાં ઉમંગ અપાર; ઉઠવું પ્રાતઃકાલથી, ક્ષણ એક નહિ પરવાર. ૮૬

સાગર સમ ગંભીર મન, બહાર ભીતર એક; રમી રહે જ્યાં હૃદયમાં, સેવા તણા વિવેક. ૮૭

સવારમાં ઉઠ્યાં ત્યારથી સતત સેવાનો જ ઉમંગ મનમાં રહે. સેવામાં અપાર ઉત્સાહ હોય. એમાંથી નવરા થવાનું ગમે જ નહિં. મન સાગર જેવું ગંભીર રાખવું. વળી છળ કપટ ન રાખતાં જે મનમાં તે જ બહાર અને બહાર તે જ મનમાં. એમ સાચવટથી રહેવું. સેવાના વિચારો જ મનમાં રમ્યા કરે. ૮૬-૮૭

આ મારગનું મૂળ છે, શ્રીવલ્લભ સિદ્ધાન્ત; કરવી સેવા કૃષ્ણની, અવિચ્છિન્ન પ્રેમાન્ત. ૮૮

ઘર સુનું નવ રાખવું, ક્ષણ વિણ સેવ્ય સ્વરૂપ; ક્રિયા ભાવ વ્રજભક્તના, એ સેવા ફલ રૂપ. ૮૯

શ્રીવલ્લભના સિદ્ધાન્ત અનુસાર, આ માર્ગનું મૂળ સેવા જ છે અને ફળ પણ સેવા જ છે. અખંડ પ્રેમ પૂર્વક શ્રીકૃષ્ણની સેવા જ કર્યા કરો. પ્રભુ પોતાના ઘરમાં જ બિરાજે એવો આગ્રહ હોવો જોઇએ. વારંવાર શ્રીઠાકોરજીને પારકે ઘેર ન પધરાવી દેવાય. વળી વ્રજભક્તોના ભાવ વિચારીને સેવા કરશો તો એ સેવા ફળ રૂપ બનશે. એમાં એવો આનન્દ આવશે કે પ્રભુને છોડવાનું મન જ નહિ થાય. સેવામાં રસ રૂપ ફળનો આસ્વાદ રહેલો છે. ૮૮-૮૯

સાંભળ હવે પ્રણાલિકા, સેવાની આ રીત; પોતાના સેવ્ય સ્વરૂપમાં, પુરુષોત્તમ પ્રતિત. ૯૦

સેવા ટાણે ઊઠવું, ઉગ્યે ન થાવું અંધ; સમય જવા નવ દીજીયે, આળશ તે પ્રતિબંધ. ૯૧

હવે પુષ્ટિ પ્રકારની સેવાની રીત ભાત ભગવદીય સંભળાવે છે. એમાં સૌથી પહેલું તત્ત્વ આ છે : પોતાને માથે જે સેવ્ય સ્વરૂપ પધરાવેલું છે તે સાક્ષાત્ પુરૂષોત્તમ છે, આવી ભાવના અત્યંત દૃઢ થવી જોઇએ. (અહિં મૂર્તિ પૂજા નથી; સ્વરૂપ સેવા છે. એનું આ રહસ્ય). સેવા માટે સવારમાં વહેલા ઊઠવું, સૂર્ય ઊગે ત્યારે ઊંઘતા રહીએ તેને અંધત્વ ગણે છે. વળી આળસમાં કે લૌકિક કાર્યોમાં સમય ન ગાળવો. વહેલા વહેલા તત્પર થઇ જવું. (સેવામાં ઉમંગનું લક્ષણ) ૯૦-૯૧

...ક્રમશઃ

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

હવે ગોપાલદાસભાઇ વ્યારાવાળા હવે શ્રીગોકુલેશ પ્રભુના વિલક્ષણ ધર્મ એટલે કે કૃપાબલના સ્વરૂપને વર્ણવવા આગળ વર્ણન કરે છે.

ઉદ્યમ કીયેતેં ન હાથ આવે કછુ જબ, તબ મન આપુને ક્લેશ માનિ લીજીયે;
જીયકો બુરો ન કહબુ વિચારે જગદીશ, શ્રીમુખ વચન કહ્યો સોઇ માનિ લીજીયે.
ચાહત સોં કરત હૈ ઇચ્છા આપુની કે બલ, તૂ તો હૈ નિર્બલ, બલ સોઇ માનિ લીજીયે;
જીયકો વિચાર્યો ન કરેંગે કર આપ બલ, યે હિત અપનાયતકોં પેંડો માનિ લીજીયે. ૧૩

કૃપાબલ પર ભરોસો ન હોય અને જો ચિંતા દૂર કરવા માટે અથવા અન્ય ફલને સિદ્ધ કરવા માટે ઉદ્યમ કરવામાં આવે તો એ ઉદ્યમથી ફલ હાથ ન આવે પરંતુ ક્લેશ હાથમાં આવે. જગતના ઈશ પ્રભુ શ્રીગોકુલેશ જીવનું ખરાબ વિચારે જ નહીં. પ્રભુની સેવા અથવા ભજન કરવા છતાં ક્યારેક લૌકિક દુઃખ અથવા પ્રતિબંધ પ્રાપ્ત થાય. ત્યારે જીવબુદ્ધિથી એમ લાગે કે, પ્રભુ મારું અહિત કરી રહ્યાં છે. તો ગોપાલદાસભાઇ વ્યારાવાળા કહે છે કે, પ્રભુ ક્યારેય જીવનું અહિત નથી કરતા. વૃત્રાસુરચતુઃશ્લોકીમાં '**संसारभ्रमतः स्वकर्मभिः**' એમ કહ્યું છે કે : સંસારમાં આસક્તિ થવાથી જ જીવને કર્મબંધનને કારણે ભ્રમણ કરવું પડે છે. તેમાં પ્રભુનો શું દોષ? તેથી કહ્યું છે મન મલીન સખી આપણું તેમાં શો દર્પણનો વાંક! કઠિન કૃત્યનાં ફલ મળે તેમાં શું રસિયા પર રોષ.

તો ભગવદ્‌ભક્તને કોઈપણ પ્રકારનું દુઃખ અસર નથી કરતું. અનેક પ્રકારની ઈચ્છા યા મનોરથ જીવ કરે છે, પરંતુ આપ વિચારે તો જ ઈચ્છા પ્રમાણે થાય. આપે જે વિચાર્યું છે એથી વિપરીત ક્યારેય પણ થશે નહીં. આપણું ઈચ્છેલું ન થવા દેવામાં પણ પ્રભુ પોતાના ભક્તનું હિત જ કરે છે. જેમ નાનું બાળક સર્પને રમકડું સમજીને રમવાનો પ્રયત્ન કરે અને માતા તેને રમવા ન દે ત્યારે અજ્ઞાનતાવશ બાળક એમ સમજે કે ક્લેશ, પ્રતિબંધ યા દુઃખ આવે છે ત્યારે પ્રભુ તેને સંસારાસક્તિથી મુક્ત કરીને અલૌકિક માર્ગમાં લઇ જવાથી કૃપા કરી રહ્યાં છે. એમ ન સમજવાને કારણે પ્રભુના કૃપાબલને નથી સમજી શક્તો. જ્યારે પ્રભુ ભક્તની ઈચ્છા યા મનોરથ પૂર્ણ કરે છે ત્યારે સમજવું કે પ્રભુએ આપણને પોતાના કર્યા, તે પેંડો બને છે. માર્ગ બને છે. શ્રીમહાપ્રભુએ પણ કહ્યું છે કે : '**निजेच्छातः करिष्यति**' અર્થાત્ : જીવની ઈચ્છા પ્રમાણે જો તેની વિકારવાળી ઈચ્છા હોય જેનાથી તેની હાનિ થાય તો તેની ઈચ્છા પ્રમાણે નહિં પોતાની ઈચ્છા કરશે. પરંતુ જીવની ઈચ્છા પ્રભુની ઈચ્છાને અનુકૂળ વિકાર વિનાની હોય તો નિજ એટલે પોતાના અનન્ય ભક્તોની ઈચ્છા જે પ્રભુને પ્રસન્ન કરવાની છે તે ઈચ્છા પ્રમાણે પ્રભુ ફલ આપશે, માટે પ્રભુ જીવનું અહિત ક્યારેય કરે નહિં અને પોતાના સ્વકીય ભક્તો પર સદા કૃપારસનું દાન કરે છે. માટે ચિંતા વ્યર્થ છે.

પ્રાર્થના વર્જિત કહી હે જગદીશ હુ લૌં, તૂ તો આશા જીયકી કરત નિશદિન રે;

આશા કો જો દાસ હે, સો દાસ સબ જગતકૌ,શ્રીમુખતેં શ્લોક કરી રહ્યો એ બચન રે.

માનુષકી પ્રિતકી પ્રતિત કરી આશા કીએ, પાયૌ અરુ પાવેગૌ ક્લેશ પ્રતિછિનરે;

ગોકુલેશજીસોં રતિ માન સન્મુખ વ્હેકે, રિદ્ધિ તીનલોકકી તૃણવત્ ગિનરે. ૧૪

શ્રીઆચાર્યચરણએ વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા કરી છે કે : '**प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात्** ।' માટે શ્રીજગદીશ અંતર્યામી છે. શ્રીગોકુલેશ પ્રભુ ભક્તનાં દરેક મનોરથ સિદ્ધ કરે છે. જ્યારે હે મન! તુ તો જીવની આશા કરે છે પ્રતિદિન. તો કહે છે કે, જે આશાનો દાસ છે એ આખા જગતનો દાસ છે. આ વાત પ્રભુએ સ્વમુખે શ્રીમહાપ્રભુએ રચેલ શ્લોક દ્વારા કહી છે. એટલે કે અલૌકિક રસના દાતા પ્રભુ શ્રીગોકુલેશ પાસે અલૌકિક યાચના પણ કરવી નહિં. કારણકે વિના યાચના કર્યે ભક્તની અનન્યતા જોઈને તેને રસદાન કરે છે. તો પછી કોઈપણ લૌકિક પદાર્થની અપેક્ષા પ્રભુ પાસે હોય તો તેથી દુઃખ જ પ્રાપ્ત થયું છે અને ક્લેશ જ પ્રાપ્ત થશે. માટે હે મન! તારી ચંચલતા દૂર કરીને રસના સમુદ્ર કૃપાપારાવાર છે એવા સર્વસમર્થ શ્રીગોકુલેશ પ્રભુમાં જ રતિ માનવું. એમનો જે રસ છે અને અસાધારણ બળ છે તેની આગળ તો ત્રણે લોકની સિદ્ધિ, રિદ્ધિ અને મહિમા તૃણવત્ ગણવું.

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

।। શ્રીહરિરાયચરણ કૃત શ્રીગોકુલેશાષ્ટોત્તરશતનામાવલિઃ ।।

श्रीगोकुलेश! मत्स्वामिन्! नामानि तव तुष्टये ।

कथये तव दासानां सर्व-काम-फल-प्रदः ।।

હે શ્રીગોકુલેશ પ્રભુ! હે મારા સ્વામી! આપના દાસોને સર્વ કામ અને ફલનું દાન કરનાર! આપશ્રીની પ્રસન્નતા માટે હું આપના નામોને કહું છું.

૧. **श्रीगोकुलेशाय नमः ।** - શ્રીગોકુલના ઈશ (સ્વામી) એવા શ્રીગોકુલેશ પ્રભુને નમન.

૨. **श्रीवल्लभाय नमः ।** - શ્રીવલ્લભ નામવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન.

૩. **श्रीकृष्णाय नमः ।** - શ્રીકૃષ્ણસ્વરૂપ એવા શ્રીગોકુલેશ પ્રભુને નમન.

૪. **श्रीविठ्ठलेशात्मजाय नमः ।** - શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના આત્મજ શ્રીગોકુલેશ પ્રભુને નમન.

૫. **श्रीरुक्मिणी-नन्दनाय नमः ।** - શ્રીરુક્મિણીજીના લાલ શ્રીગોકુલેશ પ્રભુને નમન.

૬. **श्रीगिरिधर-प्रियाय नमः ।** - (જ્યેષ્ઠભ્રાતા) શ્રીગિરિધરજીના પ્રિય એવા શ્રીગોકુલેશ પ્રભુને નમન.

૭.	श्रीगोविन्द-मनोरञ्जनाय नमः ।	- શ્રીગોવિન્દજીના મનનું રંજન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૮.	श्रीबालकृष्णानुजाय नमः ।	- શ્રીબાલકૃષ્ણજીના નાના ભાઇ શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૯.	श्रीगोकुलनाथाय नमः ।	- શ્રીગોકુલનાથજી નામવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૦.	श्रीरघुनाथाग्रजाय नमः ।	- શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ ભ્રાતા શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૧.	श्रीयदुनाथ-प्रीति-कर्त्रे नमः ।	- શ્રીયદુનાથજીને પ્રેમ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૨.	श्रीघनश्याम-पोषकाय नमः ।	- શ્રીઘનશ્યામલાલજીનું પોષણ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૩.	श्रीपार्वती-प्राण-पतये नमः ।	- શ્રીપાર્વતીજીના પ્રાણપતિ શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૪.	श्रीविट्ठलराय-जनकाय नमः ।	- શ્રીવિઠ્ઠલરાયજીના પિતૃચરણ શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૫.	श्रीगोवर्धनेश-लालिताय नमः ।	- (પૌત્ર) શ્રીગોવર્ધનેશજીનું લાલન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.
૧૬.	श्रीव्रजपति-लाडकर्त्रे नमः ।	- (પ્રપૌત્ર) શ્રીવ્રજપતિને લાડ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.

...ક્રમશઃ

જૈ જૈ શ્રીગોકુલેશ

આજ સખીરે મુજને સ્વપનેડુ લાગ્યુંજી

આજ સખીરે મુજને સ્વપનેડુ લાગ્યુંજી, પાછલી રાતે પરોઢિએજી. ૧

જાણ્યુંજી જાણ્યુંજી નીલા તોરણ દ્વારેજી, જાણ્યું શ્રીવલ્લભવર ઘોડે ચઢયાજી. ૨

જાણ્યુંજી જાણ્યુંજી મોતીના મેંહ વરસ્યાજી, જાણ્યુંજી જે સાયર ઉલટયોજી. ૩

જાણ્યુંજી જાણ્યુંજી શ્રીજમુનાજી ભરપૂરજી, જાણ્યું શ્રીગોકુલ ફૂલિયુંજી. ૪

લીલાતોરણદ્વાર તે શ્રીબ્હેનજીરાજને દ્વારજી, મોતીના મેહ વરસ્યા તે
શ્રીવલ્લભવર ઘોડે ચઢયા ત્યાંહાં સોહેજી. ૫

શ્રીમોહનભાઈને ઘેરજી, સાગર ઉલટયો પારવતીપતિ તણોજી. ૬

શ્રીજમુનાજી ભરપૂર તે તણા રોલજી, શ્રીગોકુલ ફૂલ્યું ને ભગવદી ફૂલ્યાજી. ૭

માધવદાસની વિનતિ ને રાખો દઢ વિશ્વાસજી, હરિદાસ જોઈ જાય વારણેજી. ૮

કવિત

અહંકાર અભિમાન ઈર્ષા કપટ ક્રોધ,

પાખંડ પ્રતિષ્ઠા દંભહીમેં ઘાલી રચ્યો હું;

મદ અરૂ મત્સર કુકર્મ ક્રિયાહીન લોભ,

દ્રોહ દ્વેષ અધમ ક્રિયા મેં સાનિ સચ્યો હું;

કુબુદ્ધિ કૃતજ્ઞતા અરૂ કુટીલાઈ વ્યાપી સબ,

ઈન્દ્રિય વિષયનેં જ્યોં નચાયો તેસે નચ્યો હૂં;

ગોકુલકે નાથ જુ તુમારે બીછોહ એસી ગતિ,

કાઢીએ કૃપાલ દોષીહીમેં આય પચ્યો હૂં. ૩૪

શ્રીગોકુલનાથકી જય

|| ShriGokulesho Jayati ||

ShriGokulnathji

(Life & Works)

....continued

ShriGokulnath charanan mein, Shish sada naman hai;
Yehi swaroop ko jeev chahe, Jo nijjan varan padhar hai. 1
ShriGokulesh hi yaha swaroop, jo hai adi aru ant Anoop;
ShriGokul mein raajat sada, ShriBaithak sada Anuroop. 2
Jin dwara yaha swaroop khoju, jo swaroop kare VrajVaas;
Dasgopal ke ShriRai prabhu, jako Puraan kare Prakaas. 3

Vallabha's Philosophy :-

Vallabhacharya's Philosophy is, in short, as follows : His philosophy attempts to show the true nature of the soul, the objective universe and the universal power i.e. Brahman which controls the whole sentient and non-sentient world, and also their relation. Vallabhacharya treats this subject in His Anu-Bhashya and the Nibandha.

According to Vallabhacharya, soul is atomic, but pervading (vyapaka) and apart of Brahman (just as a spark is of Agni). When Brahman desired to manifest himself and sport, He created the souls. Brahman has three attributes Sat, Chit and Ananda. Souls are made of the same stuff as Brahman, but they differ from Brahman in degrees. Souls have the attribute of Bliss (Ananda) unmanifest or suppressed in it, and therefore, they do not experience Bliss. They are eternal, Jnata and Sentient. They have the capacity to do actions and have to experience fruits of those actions. They are not the reflection (pratibimba) or the appreance (Aabhasa) of anything but have true existence. They are one or identical with Brahman by the relation of part and a whole (amsi).

According to Vallabhacharya, the manifest Universe is not non-being or non-existent (Mithya). It is as true as the souls and not Maya. Shrutis like 'Sarvam Khalvidam Brahmam', etc, state that the universe is not different from Brahman. The non-sentiment world has the Chidansh and Anandash unmanifest. Vallabhacharya has severely criticized the Shankara School as this point. He was bold enough to say that the apparent non-sentiment world is nothing but Brahman Himself.

Vallabhacharya gives an original interpretation of what is untrue in the world. He shows that what is untrue is Sansara (world) and not the Jagata., which is the Brahma-Swaroopa. He shows a clear distinction between Sansara and Jagata. Jagata is the effect of the cause, which is Brahman, Brahman is Truth and therefore the effect must be true. The soul forgets its true form and nature and cultivates untrue relations between soul and soul, on account of its avidya, its ago and sense of mine-ness.

Sansara is thus Ahanta-Mamtatmak. When the soul realizes its true form and nature, age and mine-ness are destroyed and hense Sansara, too, gets destroyed but the Jagata remains as it is. So, we find that when a person becomes JIvan-Mukta, no worldly event touches Him and He remains like a lotus-leaf in water, and the world goes on with its own affairs. To Him, the Jagata becomes Bhagavata-Swaroopa and its affairs appear Bhagavata Roopa the sport of the Almighty.

Brahman is Almighty, absolute, eternal, changelest, all-pervading, omniscient, omnipotent, omnipresent, and self-satisfied (Aapta-Kama or Purna-Kama). It is Nirakara as well as Saakara. It is Rasakara or Anandakara, and has no physical attributes and body. It is Nirguna because He has no mundane qualities. He is Saguna because He has divine, superhuman qualities. His attributes are endless (Aniyata-Dharma). He is of the form of Sat, Chit and Ananda. So Vallabhacharya describes Brahman as having contradictory attributes. This is not baseless.

Brahman creates the universe with all its diversity and variety out of himself. The Shruti says that Sa Ekaki n ramate...Eko ham bahu Shyam Prajayemeti... So He is both the instrumental and material cause of the universe. But He is not affected by the diversity of the universe. It is only His sport. After creating the universe for His sport, Brahman does not undergo any change, just as a spider weaves a web out of its mouth but does not undergo any change. So, Vallabhacharya's theory of causation is called Avikrutparinaamvaad, as against the Vivartvaad of Shankara. The relation between Brahman and the universe is true and the effect i.e. the universe is true. Hence both Satkaaranvaada and Satkaryavaada - are accepted in the philosophy of Vallabhacharya. Vallabhacharya does not believe in the theory of new

creation (Utpattivaad), but believes in the theory of self-manifestation and self-conceslment (Aavirbhaav-TiroBhaavvaad).

Maaya is a power of Brahman. The whole universe is nothing but Brahman with some attributes and qualities manifest and some concealed. For example, the trees, grass and other static things are Brahman, with Chit and Ananda concealed in them. The soul has Ananda concealed in it. As long as, the soul - is Sansaare, Brahmantva is unmanifest in it. By the power of AavirBhaava and TiroBhaava, Brahman goes on sporting. The gigantic universe is explained by this theory in the Suddhadvaita Philosophy.

Brahman has three forms : Aadhidaivika, Aadhyatmika, Aadhibhautika. The first form is Lord Krishna, Purushottama, the Purnananda, and can be attained by His grace. The second is Akshara-Brahman, and can be attained by true knowledge. The third is the Jagata, the world of human experience. The second form has all the qualities of the Purushottama, minus some Bliss. It is, in a way, lower Brahman which sets and become manifest in the form of conscious and unconscious universe. There is also another form of Para-Brahman, called Antaryamin. Akshara creates Jada and Jeeva and Antaryamin, accompanies each soul and becomes a witness. Like Akshara Brahman it has some bliss concealed. Each soul has, therefore, a capacity to experience Bliss. The first Aadhidaivika form remains Poornakaama and all bliss, but when there is a desite to sport, He becomes Akshara Brahman, but He remains greater than Akshara Brahman.

Vallabhacharya has accepted the traditional Prasthanamis as the means of proof (Pramanas), for establishing his philosophy. He accepts their authority in their literal sense, for our reason cannot protest against its dictation. He has proved in His Anu-Bhashya and Tatvartha Deepa Nibandha, the identity of view in the Trio. But, at the same time, He accepts one more pramana, viz. the Bhagavata and therefore in the Suddhadvaita Philosophy Prasthanchatustaya is considered to be the pramanas, and the later is to be taken as more prevailing than the former. He accepts the usefulness of the Smritis, epics, Puranas, etc, in search as they help the devotee in His path of Devotion.

.....to be continued

.....courtsey :- From the old thesis work on ShriGokulnathji.

ShriGokulnath Ki Jai





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૧૧ શ્રીવિજયા એકાદશી વ્રત મહા વદ ૧૧,૨૦૬૭



શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય શ્રીગોકુલમેં આપ બિરાજત હતે, તબ હોરી-દાંડો રોપવેકુ શ્રીવિઠ્ઠલવિલાસ પધારત હતે. તબ સંગ વૈષ્ણવ સમાજ બહુત હતો, ઓર રસીયા ગાયવે વારે કી મંડલી વિગેરે પહેરેવાલે હતે, તબ એક ગુજરાતી વૈષ્ણવ ગુજરાતમેં ફાગુણમેં હોરી પર જે શબ્દ ગાયે જાત હૈ, તેસે ગાવન લાગ્યો, તબ આપને આજ્ઞા કીની જે, એસે ફાગ યહાં ગાયે જાત નહિં, યહાં વ્રજમેં લીલા સંબંધી ફાગ નિર્વિકારકે ગાયે જાત હે. ૧૯૭